# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૭૨ | ૯૩૫ |
| મકાઈ | ૨૫૦ | ૨૭૦ |
| રાયડો | ૫૦૦ | ૫૭૭ |
| એરંડા | ૬૬૫ | ૬૬૭ |
| ઘઉં | ૩૧૦ | ૪૧૦ |
| બાજરી | ૨૬૦ | ૨૯૫ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૪૯૫ |
| ગવાર | ૧૧૦૦ | ૧૪૨૨ |
| જુવાર | ૩૪૦ | ૩૬૮ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૮૫૫ | ૯૩૮ |
| ઘઉં | ૩૨૦ | ૩૫૦ |
| બાજરી | ૨૫૦ | ૨૭૦ |
| ડાંગરનવા | ૨૯૫ | ૩૨૦ |
| ડાંગરગુજ | ૩૩૫ | ૩૫૦ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૦૦ | ૬૪૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૪૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૫ |
| ડાંગર | ૩૩૫ | ૩૫૦ |
| ડાંગર જયા | ૨૯૫ | ૩૨૧ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૬૫ |
| મકાઈ | ૨૪૫ | ૨૯૩ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૮ |
| બાજરી | ૨૫૦ | ૨૬૮ |
| વરિયાળી | ૧૦૫૦ | ૧૫૦૦ |
| ગવાર | ૧૨૭૦ | ૧૩૫૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉંલોકવાન | ૩૧૦ | ૩૩૦ |
| ઘઉં૪૯૬ | ૩૧૫ | ૩૬૦ |
| મકાઈ | ૨૨૮ | ૨૬૫ |
| એરંડા | ૬૫૫ | ૬૬૬ |
| મગફળી | ૮૦૦ | ૮૫૧ |
| બાજરી | ૨૭૦ | ૨૭૬ |
| મગ | ૧૦૧૬ | ૧૦૬૫ |

### મોડાસા

| | | |
|---|---|---|
| રાયડો | ૫૭૦ | ૬૧૬ |
| એરંડા | ૬૬૫ | ૬૮૧ |
| જીરૂ | ૨૩૦૦ | ૨૪૭૦ |
| બાજરી | ૨૬૦ | ૨૯૭ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૨ |
| ઘઉં | ૩૦૫ | ૩૬૨ |
| મગફળી | ૭૦૧ | ૯૧૨ |
| ગવાર | ૧૩૮૦ | ૧૪૦૮ |
| વરીયાળી | ૧૩૦૦ | ૧૪૩૦ |
| ચણા | ૬૪૦ | ૬૨૮ |
| જુવાર | ૩૩૦ | ૩૫૧ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૬૩ |
| બાજરી | ૨૫૦ | ૨૭૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૫ |
| મગફળી | ૮૦૦ | ૮૯૫ |
| મગ | ૧૦૦૦ | ૧૦૧૫ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૫ | ૨૭૫ |
| ઘઉં | ૩૧૫ | ૩૪૧ |
| ડાંગર | ૨૭૬ | ૨૮૫ |
| એરંડા | ૬૬૫ | ૬૭૩ |
| ગવાર | ૧૩૫૮ | ૧૩૬૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૭૦ |
| તુવેર | ૫૩૦ | ૬૬૦ |
| જુવાર | ૨૬૦ | ૩૫૦ |
| રાયડો | ૫૨૫ | ૫૭૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૦ | ૨૭૩ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| ડાંગર | ૨૭૫ | ૨૮૦ |
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| ગવાર | ૧૩૨૫ | ૧૩૫૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૬૦ |
| તુવેર | ૫૨૫ | ૬૫૦ |
| જુવાર | ૨૫૦ | ૩૪૦ |
| રાયડો | ૫૨૦ | ૫૬૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૭૮૯ | ૯૦૫ |
| એરંડા | ૬૬૩ | ૬૭૭ |
| ઘઉં | ૩૧૫ | ૪૩૪ |
| મગ | ૮૫૦ | ૯૦૦ |
| બાજરી | ૨૬૪ | ૨૭૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૭૦ |
| ચણા | ૫૯૦ | ૬૦૦ |
| જુવાર | ૩૦૦ | ૩૮૯ |
| ગવાર | ૧૩૫૦ | ૧૪૦૫ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૭૫ |
| મકાઈ | ૨૭૦ | ૩૩૦ |
| એરંડા | ૬૫૦ | ૬૭૨ |
| બાજરી | ૨૭૦ | ૨૯૦ |
| રાયડો | ૫૦૦ | ૬૧૦ |
| મગફળી | ૭૫૦ | ૯૪૫ |
| તલ | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૪૪૦ |
| જુવાર | ૩૦૦ | ૩૫૦ |
| મગ | ૯૦૦ | ૧૧૩૦ |

### કડી

| | | |
|---|---|---|
| સવા | ૬૮૩ | ૭૧૦ |
| ઘઉં | ૨૯૦ | ૪૪૫ |
| જુવાર | ૩૯૦ | ૪૧૦ |
| ડાંગર | ૨૫૦ | ૩૭૫ |
| બાજરી | ૨૬૬ | ૨૭૭ |
| જવ | ૨૪૧ | ૨૫૧ |
| મગ | ૭૦૧ | ૯૨૫ |
| ગવાર | ૧૩૨૭ | ૧૪૦૧ |

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૭ | ૬૭૨ |
| રાયડો | ૫૮૯ | ૫૯૧ |
| જીરૂ | ૨૦૮૧ | ૨૪૮૫ |

### પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૪૧૫ |
| બાજરી | ૨૫૫ | ૨૭૬ |
| એરંડા | ૬૬૩ | ૬૮૫ |
| રાયડો | ૫૯૫ | ૬૨૫ |
| વરીયાળી | ૯૦૦ | ૧૮૩૦ |
| રાજગરો | ૮૫૧ | ૧૦૬૦ |
| મગફળી | ૮૦૦ | ૯૧૮ |
| ગવાર | ૧૪૦૦ | ૧૪૫૬ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| રાજગરો | ૯૨૫ | ૧૦૩૩ |
| જવ | ૨૬૦ | ૨૯૦ |
| રાયડો | ૬૦૬ | ૬૪૫ |
| એરંડા | ૬૩૦ | ૬૪૫ |
| ગવાર | ૧૩૬૫ | ૧૪૭૨ |
| ઘઉં | ૨૮૪ | ૪૫૫ |
| બાજરી | ૨૫૦ | ૨૮૭ |
| જુવાર | ૩૫૦ | ૪૧૬ |
| સવા | ૬૭૦ | ૬૮૮ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૪૩૨ |
| બાજરી | ૨૨૦ | ૨૮૦ |
| રાયડો | ૫૫૦ | ૬૪૧ |
| એરંડા | ૬૫૫ | ૬૮૮ |
| કપાસ | ૭૦૦ | ૯૭૫ |
| જુવાર | ૩૦૦ | ૫૧૧ |
| તલ | ૧૬૦૦ | ૧૭૨૧ |
| મેથી | ૫૦૦ | ૫૬૭ |
| ગવાર | ૧૩૪૫ | ૧૪૩૨ |
| રાજકાના બી | ૧૫૦૦ | ૨૭૮૦ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| જવ | ૨૬૦ | ૨૭૩ |
| જુવાર | ૩૫૨ | ૪૫૧ |
| ઘઉં | ૩૧૦ | ૪૧૪ |
| જીરૂ | ૧૭૦૦ | ૨૩૪૧ |
| રાયડો | ૫૧૬ | ૬૦૯ |
| રાજકાના બી | ૧૦૦૧ | ૨૮૭૧ |
| મેથી | ૫૦૦ | ૫૫૪ |
| વરીયાળી | ૭૦૫ | ૧૧૦૫ |
| બાજરી | ૨૩૦ | ૨૭૫ |
| એરંડા | ૬૬૪ | ૬૯૧ |
| અજમો | ૫૨૫ | ૧૨૩૦ |
| ગવાર | ૧૩૦૮ | ૧૩૭૫ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૩૫ | ૩૯૧ |
| બાજરી | ૨૪૫ | ૨૬૦ |
| એરંડા | ૬૬૧ | ૬૬૯ |
| રાયડો | ૬૦૦ | ૬૦૯ |
| ગવાર | ૧૩૩૦ | ૧૩૮૭ |
| જુવાર | ૩૨૮ | ૩૫૩ |

### જોટાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૯૫ |
| એરંડા | ૬૩૯ | ૬૬૮ |
| રાયડો | ૬૦૦ | ૬૦૧ |
| બાજરી | ૨૨૦ | ૨૬૭ |
| ગવાર | ૧૩૧૪ | ૧૩૪૩ |

### હારીજ

| | | |
|---|---|---|
| મેથી | ૫૦૦ | ૫૩૦ |
| રાયડો | ૫૮૦ | ૬૨૧ |
| એરંડા | ૬૫૦ | ૬૭૪ |
| સાસટો | ૩૦૦ | ૩૩૨ |
| બાજરી | ૨૫૦ | ૨૬૩ |
| ઘઉં | ૩૦૮ | ૪૪૧ |
| ગવાર | ૧૩૬૦ | ૧૪૧૭ |
| અડદ | ૫૦૦ | ૬૩૦ |
| ચણા | ૫૭૦ | ૬૦૮ |
| જીરૂ | ૧૯૦૦ | ૨૪૭૭ |
| સવા | ૬૦૦ | ૭૨૫ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૮૨ |
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| બાજરી | ૨૬૨ | ૨૮૬ |
| રાયડો | ૫૯૬ | ૬૦૬ |
| ડાંગર | ૨૮૦ | ૩૮૦ |
| ગવાર | ૧૩૫૦ | ૧૩૮૨ |
| જુવાર | ૩૧૦ | ૩૮૫ |
| જવ | ૨૬૨ | - |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૩૦ | ૬૫૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૯૦ |
| બાજરી | ૨૫૫ | ૨૭૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| ગવાર | ૧૩૦૦ | ૧૩૫૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૩૦૦ |

### પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૭૫૦ | ૨૪૨૨ |
| વરીયાળી | ૮૫૦ | ૧૬૪૦ |
| બંટી | ૪૦૪ | - |
| રાયડો | ૫૫૦ | ૬૬૧ |
| એરંડા | ૬૪૦ | ૬૯૧ |
| ઘઉં | ૩૦૬ | ૫૦૦ |
| જુવાર | ૩૪૪ | ૩૫૧ |
| બાજરી | ૨૫૦ | ૨૭૯ |
| જવ | ૨૭૧ | - |
| ગવાર | ૧૨૫૦ | ૧૪૦૨ |
| મેથી | ૫૦૦ | ૫૫૯ |
| સવા | ૬૧૧ | ૬૯૨ |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૨૫ | ૨૭૭૫ |
| વરીયાળી | ૮૩૫ | ૨૨૨૨ |
| ઈસબગુલ | ૧૧૫૦ | ૧૫૮૨ |
| સરસવ | ૬૭૦ | ૭૧૫ |
| રાયડો | ૬૩૦ | ૬૪૭ |

# પ્રાંતિજમાં ઐતિહાસિક સ્ટેશનને બંધ કરવાના વિરોધમાં ઉપવાસ આંદોલન

પ્રાંતિજ, તા. ૭

પ્રાંતિજના ઐતિહાસિક ૧૧૮ વર્ષ જૂના રેલવે સ્ટેશનને બી ગ્રેડમાંથી ડી ગ્રેડમાં લાવી તેને માત્ર ફ્લેગ સ્ટેશન બનાવી દેવાતા અને પ્રાંતિજ પંથકને તમાચો માર્યા જેવું કૃત્ય કરતા લોકો સમસમી ઉઠતા રેલવે બચાવો સમિતિ દ્વારા આપેલ અલ્ટીમેટમ પૂર્ણ થતા આજે પ્રાંતિજના અગ્રણીઓ અને વેપારીઓ દ્વારા સ્ટેશનને બંધ કરવાના વિરોધમાં ઉપવાસ આંદોલન કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલવે સ્ટેશનના રેલવે સત્તાવાળાઓએ બી ગ્રેડમાંથી ડી ગ્રેડમાં લાવી દઈ તેને ફ્લેગ સ્ટેશન બનાવી દઈ ૧૧૮ વર્ષ જુનુ અને બ્રિટીશ વખતના ઐતિહાસિક રેલવે સ્ટેશનની ક્રોસિંગ સહિતની તમામ સુવિધાઓ બંધ કરી પ્રાંતિજ પંથકને તમાચો માર્યો જેવું કૃત્ય કરતા લોકો સમસમી ઉઠ્યા હતા. રેલવે બચાવો સમિતિના નેજા હેઠળ ગત ૨૫મીના રોજ સાંસદની આગેવાનીમાં રેલ-વે રોકો કાર્યક્રમો કરવામાં આવ્યા હતા અને રેલવે સત્તાવાળાઓને પાંચમી તારીખ સુધી સેવાઓ ચાલુ કરવા અલ્ટીમેટમ અપાયું હતું. પરંતુ આની કોઈ જ વાત કે રજૂઆત રેલવે તંત્રે ધ્યાને નહી લેતા સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ તથા જયસિંહ ચૌહાણ, જયેન્દ્રસિંહ રાઠોડ, દિપસિંહ રાઠોડ, નિત્યાનંદ બ્રહ્મભટ્ટ સહિત નગરના આગેવાનો દ્વારા ઉપવાસનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યા છે.



ડીસા માર્કેટ યાર્ડ સામે સ્થિત ગાયત્રી મંડપના ગોડાઉન ખાતે શુક્રવારે વહેલી સવારે કચરાના નાના ઢગલાને સળગાવાતાં આગે મોટું સ્વરૂપ પકડ્યું. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

# બનાસકાંઠાના ડીસા સ્ટેશન ખાતે રેલવે રેક પોઈન્ટ કાર્યરત થતા ખેડૂતોમાં આનંદ

ડીસા, તા. ૭

બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં કૃષિક્ષેત્રે આગવુ સ્થાન ધરાવે છે. જિલ્લામાં મુખ્યત્વે તેલીબીયા અને કઠોળ પાકનું વાવેતર સવિશેષ પ્રમાણમાં થવાથી રાસાયણીક ખાતરનો વપરાશ વિશેષ જોવા મળે છે પરંતુ ખાતર મહેસાણા તેમજ સિદ્ધપુર ખાતેના રેક પોઈન્ટ વિસ્તારોમાં ખાતર પહોંચાડવુ ખુબજ કપરી બાબત હતી. તેવામાં કૃષિમંત્રી દ્વારા અવારનવાર ભારત સરકાર તેમજ રેલ મંત્રાલયને રજુઆત દ્વારા હાલમાં ડીસા ખાતે રેલવે રેક પોઈન્ટ ફળવાતા ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ છે. રાજ્યનો કૃષિદર ખુબજ ઉંચો આવવા પાછળનું કારણ રાજ્યમાં બનાસકાંઠા જેવા વિસ્તારમાં પણ લીલી હરિયાળી ખેતી કરી રાજ્યને મોખરે લઈ જવામાં સિંહ ફાળો આપ્યો છે. જિલ્લામાં મુખ્યત્વે બાજરી, દિવેલા, કપાસ, મકાઈ, ઘઉં, કઠોળ તેમજ બાગાયતી પાકો જીરૂ, જેવા મુખ્ય પાકો કરવામાં આવે છે. જિલ્લામાં વાર્ષિક સરેરાશ ૨.૦૦ થી ૨.૨૫ લાખ મે. ટન રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવામાં આવે છે. સામાન્ય રીતે બનાસકાંઠા જિલ્લામાં રાસાયણિક ખાતર મહેસાણા અને સિદ્ધપુર ખાતેના રેક પોઈન્ટ પરથી પુરૂ પાડવામાં આવતું હતું. આ રેક પોઈન્ટ પરથી જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં રાસાયણિક ખાતર સમયસર પહોંચાડવામાં તકલીફ પડતી હતી. બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં સમયસર અને પુરતી માત્રામાં ખાતરનો જથ્થઓ ઉપલબ્ધ થઈ શકે તે માટે કૃષિ મંત્રીના માર્ગદર્શન હેઠળ સતત ભારત સરકાર અને રેલવે મંત્રાલયને રજુઆતો કરવામાં આવેલ. કૃષિ મંત્રીના સફળ પ્રયાસોને કારણે ભારત સરકાર દ્વારા ડીસા ખાતે રેલવે રેક પોઈન્ટને કાર્યરત કરવા મંજુરી આપવામાં આવેલ. ડીસા રેલવે રેક પોઈન્ટ ખાતે ઈફકો કંપની દ્વારા ગત તારીખ ૨ જૂન ૨૦૧૩ના રોજ રાસાયણિક ખાતરની રેક લઈ ડીસા રેલવે રેક પોઈન્ટને ખરા અર્થમાં કાર્યરત થયેલ છે. ડીસા રેક પોઈન્ટ કાર્યરત થતા સમગ્ર જિલ્લાને સમયસર ખાતરનો પુરવઠો ઉપલબ્ધ થશે.

# ચાડા ગામે વાવાઝોડામાં પતરાથી ઈજાગ્રસ્ત થયેલી મહીલાનું મોત

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા તાલુકાના ચાડા ગામે મંગળવારે આવેલા વાવાઝોડામાં ઘરનું પતરૂ ઉડવાથી એક મહીલાના માથામાં ઈજા પહોંચતા સારવાર દરમિયાન મોત નિપજવાના બનાવ સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો ગુનો નોંધાવા પામ્યો છે. ખેડબ્રહ્મા તાલુકામાં મંગળવારે આવેલા વાવાઝોડામાં ચાડા ગામનાં કોદરીબેન મીરખાનભાઈ પરમાર (ઉં.વ.૩૫)ના સામેના ઘરનું પતરૂ ઉડ્યુ હતુ જેથી કોદરીબેનના માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. તેમને પ્રાથમિક સારવાર માટે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પણ વધુ સારવારની જરૂરીયાત લાગતાં હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડોક્ટરે તપાસી મૃત જાહેર કર્યા હતા. આ અંગે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ડૉ. કે.બી. પરમારે ખેડબ્રહ્મા પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે કોદરીબેનનું પતરાથી ઈજા પહોંચતા મોત નિપજ્યું હતું પણ તેમના પિયર પક્ષ પઢારાના કેટલાક માણસો ગુરૂવારના રોજ આદીવાસી રીવાજ મુજબ ચાડા ગયા હતા પણ સી.પી.આઈ. કુંપાવત તથા પી.એસ.આઈ. ડી.ડી.ચાવડાની દરમિયાનગીરીથી લાશનો અગ્ની સંસ્કાર કરાવી તે લોકોને પઢારા રવાના કર્યો હતો.

# મનસુરી સમાજનું ગૌરવ



હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માના મૂળવતની અને હિંમતનગરમાં રહેતા ફકીરમહંમદ મનસુરીના પુત્ર રમીજભાઈ મનસુરીએ પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે લેવાયેલ બી.ઍડ.ની પરીક્ષામાં ૮૦.૧૧ ટકા ગ્રેડ એ સાથે ઉર્તીણ થતા મનસુરી સમાજનું અને વિદ્યાનગરી સંકુલનું ગૌરવ વધાર્યુ છે.

# કલોલ ગામ દેશી બનાવટની બંદૂક સાથે એકની ધરપકડ

ખેડબ્રહ્મા, તા.૭

સાબરકાંઠા જિલ્લા એસ.ઓ.જી. સ્ટાફે બાતમીના આધારે ગુરુવારે ખેડબ્રહ્મા તાલુકાના કલોલ ગામે છાપો મારી રહેણાંકના મકાનમાંથી લાયસન્સ વગરની ફૂલ્લીદાર બંદુક સાથે ઘરમાલિકને ઝડપી પાડીને જેલને હવાલે કરી દીધો હતો. ખેડબ્રહ્મા પોલીસ પાસેથી મળતી માહિતી અનુસાર તાલુકાના કલોલ ગામના ડેમવાળા ફળીયામાં રહેતા કાળાભાઈ નાનાભાઈ ડાભી પાસે ગેરકાયદેસર લાયસન્સ વગરની બંદૂકની એસ.ઓ.જી. હિંમતનગરને બાતમી મળી હતી.

જે સંદર્ભે ગુરુવારના રોજ સાંજના સુમારે કલોલ ગામે કાળાભાઈ ડાભીના રહેણાંકના ઘરે છાપો માર્યો હતો અને કાળાભાઈને દેશી બનાવટની એક નાળીવાળી ફૂલ્લીદાર બંદૂક જેની કિંમત રૂ. ૩૦૦૦ સાથે ઝડપી પાડી જેલને હવાલે કરી દીધો હતો.

આ અંગે એસ.ઓ.જી. હિંમતનગરના હે.કો. નરસિંહભાઈ ભેમાજીએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં વધુ તપાસ પોલીસ ચલાવી રહી છે.

# પાલનપુર રેલવે સ્ટેશન નજીક યુવકે ટ્રેન નીચે પડતુ મુકી જીવન ટુંકાવ્યું

પાલનપુર, તા. ૭

પાલનપુરના રેલવે સ્ટેશન નજીક આવતી માલગાડી નીચે એક યુવાને પડતુ મુકીને જીવન ટુંકાવતા ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર પાલનપુર તાલુકાના ટાકરવાડા ગામના દિપકભાઈ હરિભાઈ ચૌધરી (ઉ.વ.૨૫)એ ગત રોજ બપોરના સમયે કોઈ અગમ્ય કારણોસર રેલવે સ્ટેશન નજીક આવતી માલગાડી નીચે પડતુ મુકતા અરેરાટીભર્યુ મોત નિપજ્યું હતું. બનાવની જાણ રેલવે પોલીસને થતા તાત્કાલિક બનાવના સ્થળે આવીને મૃતદેહનો કબજો લઈને મૃતદેહને પાલનપુર સિવિલના ટ્રોમા સેન્ટર ખાતે મોકલી અપાયો હતો. ટ્રેન નીચે પડતુ મુકીને આત્મહત્યા કરવાનું સચોટ કારણ જાણવા મળેલ નથી. આ યુવાનનું મોત થતા સમગ્ર પંથકમાં ભારે શોકની લાગણી પ્રસરવા પામી હતી.

# મોડાસા કટલરી કરીયાણા મર્ચન્ટ એસોસીએશનના હોદ્દેદારો નિમાયા

મોડાસા, તા.૭

મોડાસા ગામમાં ખૂબ જ લોકોપયોગી કામગીરી કરતા કટલરી-કરીયાણા મર્ચન્ટ એસોસિએશનના વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ના વર્ષ માટે નવા હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી.

એસોસિએશનના પ્રમુખ તરીકે પૂર્વ ભાજપા પ્રમુખ જગદીશભાઈ ભાવસારની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે નવીનભાઈ શાહ, વિનોદભાઈ શાહ, મહામંત્રી તરીકે પ્રવીણભાઈ પટેલ, સહમંત્રી તરીકે સુનીલભાઈ મહેશ્વર તથા ખજાનચી તરીકે કિરીટભાઈ શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# ડીસા જલારામ આરોગ્યધામ ખાતે મહા રક્તદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૭

ડીસા શહેરના જલારામ મંદીરના જલારામ આરોગ્યધામ ખાતે જલીયાણ મેડીકલ ઓર્ગેનાઈઝેશન દ્વારા સમગ્ર રઘુવંશી લોહાણા સમાજના ઉત્થાન દીવંગત સમાજ રત્નોને સ્મરણાંજલી રૂપે રક્તદાન શીબીરનું આયોજન કરવામાં આવેલ છે. આ આયોજન જલીયાણ મેડીકલ ઓર્ગેનાઈઝેશન, શ્રી જલારામ યુવા સંગઠન, ઉદયગૃપ, જલારામ સેવા ટ્રસ્ટ, સમસ્ત રઘુવંશી લોહાણા સમાજ તેમજ ગાયત્રી પરીવાર દ્વારા કરવામાં આવેલ છે. અત્યારે ડીસા શહેરમાં રક્તની ખૂબજ જરૂરીયાત હોવાથી આ સુંદર કાર્યક્રમનું આયોજન તા-૯-૬-૨૦૧૩ને રવિવાર (સમય-૯ થી ૨) ના રોજ કરવામાં આવેલ છે તો સમગ્ર ડીસા શહેરના રક્તદાતાઓએ આ બ્લડ કેમ્પમાં બ્લડ આપી ડીસા શહેરની રક્તની જરૂરીયાત પૂરી કરવા માટે વિનંતી કરવામાં આવે છે અને અત્યારે આ ઉનાળાની સીઝન અને વેકેશનમાં આપણા બાળકો ને પણ વેકેશન દરમ્યાન સારા કાર્યો કરવાની પ્રેરણા આપીએ રક્તદાન થકી માટે વધુમાં વધુ બોટલ થાય અને કોઈની અમૂલ્ય જીંદગી બચી શકે તેવા પ્રયત્નો કરનાર સંસ્થાઓને આપણે વધુમાં વધુ બ્લડ અપાવીને આપણે સામાજીક દાઈત્વ પૂરુ કરીએ. સંપૂર્ણ કાર્યક્રમમાં ભણસાલી ટ્રસ્ટનો સહયોગ રહેવાનો છે.





અમદાવાદ-હિંમતનગર હાઈવે નં.-૮ પર હિંમતનગર તરફથી અમદાવાદ જતી ઘઉંની બોરીઓ ભરેલી ટ્રક નં. જીજે-૨૭-સીબી- ૨૨ તાજપુર નજીક ડીવાઈડર પર ચઢી જતા ટ્રક પલટી ખાઈ ગઈ હતી અને માર્ગમાં ઘઉંની બોરીએ બોરીઓ આમ તેમ ફેલાઈ જતા કલાકો સુધી ભારે ટ્રાફિક જામના દશ્યો ફેલાયા હતા. (તસવીર : સંજય રાવલ)


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮